# સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)

ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫

ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫

www.spipa.gujarat.gov.in


## જાહેરાત

(ક્રમાંક:સીસપ-તાલીમ/૨૦૧૯-૨૦/પ્રવેશ પરીક્ષા ૨૦૧૯/૧૮/સ્ટડી)

**યુ.પી.એસ.સી સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૦ (IAS, IPS, IFS etc.) પ્રશિક્ષણવર્ગ ૨૦૧૯-૨૦**

**(આ ગુજરાત સરકાર ધ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે. નોકરી માટેની જાહેરાત નથી.)**

૧. સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે યુ.પી.એસ.સી ધ્વારા લેવાનાર સિવિલ સર્વિસીઝ પરીક્ષા (IAS, IPS, IFS etc.) – ૨૦૨૦ ની તૈયારી માટેના પ્રશિક્ષણવર્ગ ૨૦૧૯-૨૦ માટેની પ્રવેશ પરીક્ષા માટે Online અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.gujarat.gov.in/ ની વેબસાઇટ પર **તા.૦૧-૦૭-૨૦૧૯(સમય બપોરે ૦૨.૦૦ કલાક) થી તા.૧૫-૦૭-૨૦૧૯ સુધી (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી)** અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ પરીક્ષા ફી ભરવા માટે (૧) **Offline Mode:** પોસ્ટ ઓફિસમાં પ્રવેશ પરીક્ષા ફી ભરવા અંગેના ચલણની પ્રિન્ટ કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં તા.૦૧-૦૭-૨૦૧૯(સમય બપોરે ૦૨.૦૦ કલાક) થી તા.૧૮-૦૭-૨૦૧૯ સુધી (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) પરીક્ષા ફી ભરી શકશે **અથવા** (૨) **Online Mode:** http://ojas.gujarat.gov.in/ ની વેબસાઇટ પર Online Payment of Fees પર ક્લિક કરીને તા.૦૧-૦૭-૨૦૧૯ થી તા.૧૮-૦૭-૨૦૧૯ સુધી (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) પ્રવેશ પરીક્ષા ફી ભરી શકાશે.

૨. **ઉક્ત જણાવેલ પ્રશિક્ષણવર્ગ ૨૦૧૯-૨૦ માટેની વિગત નીચે મુજબ છે.**

- સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે તાલીમકેન્દ્રો દીઠ ગુજરાત સરકારની પ્રવર્તમાન અનામત નીતિ મુજબ ભરવામાં આવનાર તાલીમાર્થીઓની સંખ્યા(ફાળવેલ સંખ્યાબળની વિગત)નો ઉલ્લેખ આ વિગતવાર જાહેરાતમાં કરવામાં આવેલ નથી, તેની જાહેરાત પ્રવેશ પરીક્ષાના અંતિમ પરીણામની સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

3. **શૈક્ષણિક લાયકાત અને પાત્રતા**

**A.** **શૈક્ષણિક લાયકાત:** કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર ધ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સીટી/ ડીમ્ડ યુનિવર્સીટીમાંથી સ્નાતક કરેલું હોવું જોઇએ.

**B.** **રાષ્ટ્રીયતા:** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

**C.** આ તાલીમમાં જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય અથવા જે ઉમેદવારોએ માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય અથવા સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય અથવા ૧લી ઓગસ્ટ,૨૦૧૯ પહેલાં ગુજરાતમાં પાંચ વર્ષનો વસવાટ કરેલ હોય અને હાલ ગુજરાતમાં સ્થાયી હોય તેવા ઉમેદવારો આ તાલીમવર્ગમાં દાખલ થવા માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે.

D. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, સંબંધિત જાતિ પ્રમાણપત્રો, સામાજીક-શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારનું નોન-ક્રીમીલેયર સર્ટીફિકેટ, આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તથા અન્ય તમામ ડોક્યુમેન્ટ્સ સંસ્થા દ્વારા જે તારીખે રજુ કરવા જણાવવામાં આવે તે તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૪. **વયમર્યાદા: (તા.૦૧/૦૮/૨૦૨૦ ની સ્થિતિએ)**

A. ઓછામાં ઓછા ૨૧ વર્ષ અને વધુમાં વધુ ૩૨ વર્ષ સુધી

B. બિનઅનામત (General Category) અને આર્થિક રીતે નબળા વર્ગ (Economically Weaker Section ) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે નહીં

C. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

D. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

E. અંધ ઉમેદવાર અને શારીરિક વિકલાંગ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ ઉપરાંત વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

૫. **પ્રવેશ પરીક્ષા:**

A. સ્પીપાની પ્રવેશ પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે. જે નીચે મુજબ છે.

B. <u>પ્રથમ તબક્કો:</u> સ્પીપાની **પ્રથમ તબક્કાની પ્રવેશ પરીક્ષા MCQ Based OMR Sheet પર હેતુલક્ષી પ્રકારની રહેશે. જે અંદાજિત તા.૦૪/૦૮/૨૦૧૯,રવિવારના રોજ** લેવામાં આવશે. પ્રથમ તબક્કાની પરીક્ષાનુ માળખુ નીચે મુજબ રહેશે.

**હેતુલક્ષી પરીક્ષા (Multiple Choice Question)**

| તારીખ | સમય | વિષય | કુલ પ્રશ્નો | ગુણ |
|---|---|---|---|---|
| તા.૦૪/૦૮/૨૦૧૯ (રવિવાર) | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | પેપર ૧. સામાન્ય અભ્યાસ-૧<br>General Studies-1 | ૧૦૦ | ૨૦૦ |
| | ૧૪-૦૦ થી ૧૫-૩૦ | પેપર ૨. સામાન્ય અભ્યાસ-૨<br>General Studies-2 (CSAT) | ૫૦ | ૧૦૦ |
| | | | કુલ ગુણ | ૩૦૦ |

**પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર: અમદાવાદ,વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા પૈકી કેન્દ્ર પસંદ કરવાના રહેશે. જેની ફાળવણી ઉપલબ્ધતાના ધોરણે કરવામાં આવશે.**

(વિગતવાર કેન્દ્રની જાણ પ્રવેશપત્ર/હોલટીકીટમાં કરવામાં આવશે.)

**નોંધ :-**

(૧) ઉક્ત બંને પેપરો **MCQ Based હેતુલક્ષી પ્રકારના** રહેશે.

(૨) ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના કુલ ગુણના **33%** ગુણ બાદ કરવામાં આવશે.

(૩) પેપર ૧ અને પેપર ૨ ના સંયુક્ત ગુણને આધારે મેરિટ તૈયાર કરવામાં આવશે.

(૪) બંને પ્રશ્નપત્રો (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં) હેતુલક્ષી પ્રકારના રહેશે.

**C.** <u>હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત</u>

તા. ૦૪/૦૮/૨૦૧૯,**રવિવારના રોજ યોજાનાર** પ્રથમ તબક્કાની પરીક્ષા માટે અરજદારે પ્રવેશ પરીક્ષા માટેના પ્રવેશપત્ર (Hall Ticket) http://ojas.gujarat.gov.in ની વેબસાઇટ પરથી <u>તા.૨૯-૦૭-૨૦૧૯ (બપોરે ૨:૦૦ કલાક)થી તા.૦૪-૦૮-૨૦૧૯ (સવારના ૧૦:૩૦ કલાક સુધી)</u> ડાઉનલોડ કરી તેની પ્રિન્ટઆઉટ લઇ લેવાની રહેશે.

**D.** <u>પ્રથમ તબક્કાની પરીક્ષાનો અભ્યાસક્રમ:</u>

| પેપર | વિષય | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પેપર-૧ | સામાન્ય અભ્યાસ-૧, જેનો સિલેબસ આ મુજબ નો રહેશે<br>(1) Current events of national and international importance.<br>(2) History of India and Indian national movement.<br>(3) Indian and World Geography – physical, social, economic geography of India and the world.<br>(4) Indian Polity and governance – constitution, political system, Panchayati Raj, public policy, Rights Issues, etc.<br>(5) Economic and social development – sustainable development, poverty, inclusion, demographics, social sector initiative, etc.<br>(6) General issues on environmental ecology, bio-diversity and climate Change – that do not require subject specialization. General Science. | ૧૦૦ | ૨૦૦ | ૨ કલાક |
| પેપર-૨ | સામાન્ય અભ્યાસ-૨,એપ્ટીટ્યુડ, જેનો સિલેબસ આ મુજબ નો રહેશે<br>(1) Comprehension<br>(2) Interpersonal skill including communication skills<br>(3) Logical reasoning and analytical ability<br>(4) Decision making and problem solving<br>(5) General mental ability<br>(6) English Language comprehension skills (Class X level).<br>(7) Basic numeracy (numbers and their relations, orders of magnitude etc (Class X level), Data interpretation (charts, graphs, tables, data sufficiency etc. – Class X level) | ૫૦ | ૧૦૦ | ૧:૩૦ કલાક |
| **સ્ટેજ-૧** | | | ૩૦૦ | |

**E.** <u>**દ્વિતિય તબક્કો:**</u> **નિબંધ કસોટી**

પ્રથમ તબક્કાની પરીક્ષામાં પેપર-૧: General Studies-1 અને પેપર -૨: General Studies-2 (CSAT)ના મેળવેલ કુલ ગુણના આધારે કેટેગરી વાઇઝ મેરીટ મુજબ, અત્રેની પરીક્ષા સમિતિ દ્વારા નિયત થયેલ મિનિમમ પાસીંગ માર્ક્સ અને સંખ્યાબળના આધારે દ્વિતિય તબક્કાની પરીક્ષા માટે પસંદગી પામેલ ઉમેદવારોને બોલાવવામાં આવશે. દ્વિતિય તબક્કા માટે પસંદગી પામેલ ઉમેદવારોનું લિસ્ટ સંસ્થાની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ/ઇ-મેઇલથી ઉમેદવારોને જાણ કરવામાં આવશે. (નોંધ:- ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે તેમનો પોતાનો જ ઇ-મેઇલ આઇ-ડી અને મોબાઇલ નંબર લખવો. જેથી સંસ્થા દ્વારા જરૂર જણાયે કોમ્યુનિકેશન કરી શકાય.)

F. **દ્વિત્તિય તબક્કો: નિબંધ કસોટી (Essay Test), ગુણ: 100, સમય: બે કલાક**

(પ્રતિ નિબંધ અંદાજિત ૮૦૦ શબ્દોની મર્યાદામાં બે નિબંધ લખવાના રહેશે. પ્રત્યેક નિબંધ ૫૦ ગુણનો રહેશે.)

G. **અંતિમ પરીણામ:** પ્રથમ તબક્કાની વૈકલ્પિક MCQ Based હેતુલક્ષી પ્રકારની પરીક્ષાના (પેપર-૧ જનરલ સ્ટડીઝના ૨૦૦ ગુણ + પેપર-૨ એપ્ટીટ્યુડના ૧૦૦ ગુણ = ૩૦૦ ગુણ) અને દ્વિત્તિય તબક્કાની (નિબંધ કસોટી - ૧૦૦ ગુણ) એમ બંને તબક્કાના મળીને કુલ ૪૦૦ ગુણના આધારે રાજ્યસરકારની અનામતનીતિ મુજબ કેટેગરીવાઇઝ મેરીટ પ્રમાણે આખરી યાદી તૈયાર કરવામાં આવશે.

૬. **અરજી કરવાની રીત :-**

A. આ જાહેરાતના સંદર્ભમાં ફક્ત ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ તારીખ મુજબ **તા.૦૧/૦૭/૨૦૧૯ (સમય બપોરે ૦૨.૦૦ કલાક) થી તા.૧૫/૦૭/૨૦૧૯ સુધી** (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.gujarat.gov.in/વેબસાઇટ પર Online Application મેનુ પર ક્લિક કરી તેના Apply સબમેનુ પર ક્લિક કરી સિલેક્શનના ડ્રોપડાઉન મેનુમાંથી “Sardar Patel Institute of Public Administration (SPIPA)” પર ક્લિક કરવાથી જાહેરાત ક્રમાંક:SPIPA/201920/1 “યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૦ (IAS, IPS, IFS etc.) પ્રશિક્ષણવર્ગ ૨૦૧૯-૨૦” ખુલશે. જેમાં “Details” પર ક્લિક કરવાથી વિગતવાર જાહેરાત વાંચી શકશો અને “Apply” પર ક્લિક કરીએ “Apply now” પર Click કરવાથી ઓન-લાઇન અરજીપત્રક ભરી શકાશે.

ઓનલાઇન અરજીપત્રક ભરવા અંગેનું માર્ગદર્શન ઉક્ત વેબસાઇટના હોમપેજ પર Bottom માં How to Apply પર ક્લિક કરી મેળવી શકાશે. જે માટે નીચેની લિંક પર ક્લિક કરવું. https://ojas.gujarat.gov.in/Images/HowToApply.pdf

B. વધુમાં, ઓનલાઇન ફોર્મ ભરતી વખતે “Education Qualification” પરની વિગતોમાં ઉમેદવારે પોતાની સ્નાતક લાયકાતમાં Institute Name and Exam Bodyમાં દરેક ઉમેદવારે પોતાની કોલેજ અને સંબંધિત યુનિવર્સીટીનું નામ અવશ્ય દર્શાવવાનું રહેશે.

સંસ્થાના ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ સાથે થયેલ એમઓયુ (MOU)ના અનુસંધાને, નિયત થયેલ રીઝર્વ સીટો પર પ્રવેશનો લાભ લેવા માંગતા ઉમેદવારોએ ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ અથવા ગુજરાત આર્ટસ અને સાયન્સ કોલેજ, અમદાવાદ અથવા ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓ હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. જો ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ અથવા ગુજરાત આર્ટસ અને સાયન્સ કોલેજ, અમદાવાદ અથવા ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા સંબંધિત કોલેજના નામ સામે વિગત દર્શાવેલ નહિ હોય તો તેઓને ગુજરાત કોલેજની 30* જગ્યાઓના અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહિ. [***નોંધ:** ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ સાથે થયેલ એમઓયુ (MOU)ના અનુસંધાને, ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદની ભરવાપાત્ર જગ્યાઓ પૈકી, 30 જગ્યા (૨૦ જગ્યાઓ ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદના અને ૧૦ જગ્યા ગુજરાત આર્ટસ અને સાયન્સ કોલેજ, અમદાવાદ + ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓ માટે) અનામત રાખવામાં આવશે. આ 30 જગ્યાઓ પણ ગુજરાત સરકારની અનામત નીતિ

મુજબ ભરવામાં આવશે. જો ઉકત ૩૦ જગ્યાઓ પર કેટેગરીવાઇઝ દર્શાવ્યા મુજબની કોલેજોના વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષાના અંતિમ પરિણામમાં કેટેગરીવાઇઝ મેરીટ મુજબ ઉપલબ્ધ નહિ થાય તો, ખાલી રહેતી જગ્યાઓ પર અન્ય ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.]

**C.** <u>**પ્રવેશ પરીક્ષા ફી (Non Refundable):**</u>

- તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજિયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે નહીં.
- સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે **રૂ!.૩૦૦/- + ચાર્જીસ** અને અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે નબળા વર્ગો, દિવ્યાંગ (The Right of Persons with Disabilities Act-2016ની જોગવાઇ મુજબના) ઉમેદવારો, માજી સૈનિકોએ પરીક્ષા ફી પેટે **રૂ!.૧૦૦/- + ચાર્જીસ** ભરવાના રહેશે. પ્રવેશ પરીક્ષા ફી Non Refundable છે.
- પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે પોતાની અરજી કન્ફર્મ કર્યા બાદ FEES માં જઈને Select Job માં સ્પીપાની જાહેરાતક્રમાંક: SPIPA/201920/1 પસંદ કરી પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખની વિગતો નાખીને (૧) <u>**Offline Mode:**</u> પોસ્ટઓફિસમાં પ્રવેશ પરીક્ષા ફી ભરવા માંગતા ઉમેદવારે Print Post Office Challan પર ક્લિક કરી ચલણની પ્રિન્ટ કાઢીને ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફિસમાં <u>**તા.૦૧-૦૭-૨૦૧૯ થી તા.૧૮-૦૭-૨૦૧૯ સુધી**</u> (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) પરીક્ષા ફી ભરી શકશે અથવા (૨) <u>**Online Mode:**</u> ઓનલાઇન પ્રવેશ પરીક્ષા ફી ભરવા માંગતા ઉમેદવારે Online Payment of Fees પર ક્લિક કરી જરૂરી વિગતો ભરીને <u>**તા.૧૮-૦૭-૨૦૧૯ સુધી**</u> (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) પ્રવેશ પરીક્ષા ફી ઓનલાઇન ભરી શકાશે. તેમજ આપે ભરેલ ફી ની Online Payment Receipt પણ મેળવીને પોતાની પાસે રાખવાની રહેશે. જો ઓનલાઇન પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે. ઓનલાઈન પેમેન્ટ કરતી વખતે Pending Transaction બાબતે જો કોઈ સમસ્યા આવે તો તેને Check Earlier Incomplete/Pending Transaction પર ક્લિક કરી જોઈ શકાશે.
- આમ ઉક્ત જણાવ્યા મુજબ પ્રવેશ પરીક્ષા ફી ઓનલાઇન અને ઓફલાઇન એમ બન્ને મોડમાં ભરી શકાશે. બીજી અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.
- જો કોઈ ઉમેદવાર દ્વારા નિયત સમયમર્યાદા બાદ પ્રવેશ પરીક્ષા ફી (Non Refundable) ભરવામાં આવેલ હશે તો તેવી અરજીને માન્ય ગણવામાં આવશે નહિ તેમજ આપે ભરેલ પ્રવેશ પરીક્ષા ફીની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.

**૭. સામાન્ય સૂચનાઓ :**

**A.** પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં અને પ્રવેશ પરીક્ષા ફી ભરેલ ચલણની નકલ પરીક્ષાખંડમાં સુપરવાઇઝરને રજૂ કરવાની રહેશે. ફી ભર્યાની ચલણની નકલ રજૂ નહીં કરનાર ઉમેદવારને પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવશે નહીં.

**B.** પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પહેલાં ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.

**C.** ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકશે નહી.

D. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

E. પરીક્ષા શરૂ થયા બાદ તે પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.

F. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત OMR Sheet નિરીક્ષકને સોંપી દેવી.

G. પ્રથમ તબક્કાના સફળ ઉમેદવારોને ઈ-મેઇલથી **અને/અથવા** વેબસાઈટ પર માહિતી મૂકી જાણ કરવામાં આવશે અને પ્રથમ અને દ્વિતિય તબક્કાના સંયુક્ત ગુણના આધારે તૈયાર થનાર અંતિમ પરીણામની જાણ પણ ઉમેદવારોને ઈ-મેઇલથી **અને/અથવા** વેબસાઈટ પર માહિતી મૂકી જાણ કરવામાં આવશે. તેમજ પરીણામ સ્પીપાની વેબસાઇટ www.spipa.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે. અંતિમ પરિણામની સાથે બંન્ને તબક્કાની પરીક્ષાના માર્ક્સ તેમજ ઉમેદવાર પ્રથમ તબક્કાની પોતાની OMR Sheet જોઈ શકશે.

H. સંસ્થા કોઇપણ ઉમેદવારને કે જેણે, (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારમાંથી નકલ કરવા કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો,પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુક કરવા માટે (૯) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે, (૧૦) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તૃત બાબત લખવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત સંસ્થા, સંબંધિત ઉમેદવારને પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

I. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો, ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા ધ્વારા “રદ” કરવામાં આવશે.

J. સંસ્થા ધ્વારા લેવાનાર પ્રથમ તબક્કાની વૈકલ્પિક પરીક્ષા અને દ્વિતિય તબક્કાની નિબંધ ક્સોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને પ્રવેશ માટેનો હક મળી જતો નથી. પ્રવેશ સમયે સક્ષમ સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

K. પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના વખતોવખતના/પ્રવર્તમાન નિયમો મુજબ નિશ્ચિત શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે.

L. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણ માત્રથી પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહીં, પરંતુ ઉમેદવારની અરજીને ધ્યાને લઈ તેની કેટેગરી, ઉંમર, શૈક્ષણિક લાયકાત વગેરે વિગતો અન્વયે તૈયાર થયેલ આખરી કેટેગરીવાઈઝ મેરીટને સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂરી મળ્યા બાદ જ પ્રવેશ રાજ્ય સરકારની અનામત નીતિ અને મેરિટને ધ્યાને લઇને આપવામાં આવશે.

M. આ જાહેરાત, તાલીમસ્થળ તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યક્તા ઉભી થાય, તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

N. સંસ્થા ખાતે પ્રવેશ મેળવેલ ઉમેદવારો ચાલુ તાલીમ દરમ્યાન ગેરશિસ્ત અથવા ગેરમાર્ગે દોરનારી પ્રવૃત્તિ કરશે કે કરાવશે, ઉશ્કેરણીજનક કે વાંધાજનક ભાષણો કે લખાણો કરશે અથવા વિદ્યાર્થીઓ પાસે કે અન્ય ત્રાહિત વ્યક્તિ પાસે કરાવશે, વિદ્યાર્થી સંગઠનો/કમિટી/યુનિયન બનાવી યુપીએસસીના અભ્યાસને ધ્યાનમાં ન રાખતાં અન્ય પ્રવૃત્તિઓ કરશે એટલે કે એવી પ્રવૃત્તિઓ કે જે અન્ય વિદ્યાર્થીઓ કે સંસ્થાને નુકસાનકર્તા કે હાનિકર્તા હશે તો તેવા સંજોગોમાં ચાલુ તાલીમ દરમ્યાન પણ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાની અબાધિત સત્તા સંસ્થાના સક્ષમ સત્તાધિકારીને રહેશે.

O. આખરી પરિણામ જાહેર થયા બાદ કેટેગરી વાઈઝ મેરિટમાં ઉમેદવારે મેળવેલ ગુણને આધારે પ્રવેશ મળવાપાત્ર થશે, તદ્દન્વયે ઉમેદવારોએ દિન-૧૫ માં ડિપોઝીટ ભરીને અચૂક પ્રવેશ મેળવવાનો રહેશે અન્યથા તેમનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને તેમની જગ્યાએ પ્રતિક્ષાયાદીમાંથી અન્ય ઉમેદવારોને કેટેગરી વાઈઝ મેરિટ પ્રમાણે બોલાવીને તે જગ્યાએ પ્રવેશ આપવામાં આવશે.

P. તાલિમના સ્થળે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે.

Q. સ્પીપાની પ્રવેશ પરીક્ષામાં અંતિમ પસંદગી મળ્યેથી પ્રવેશ મેળવનાર ઉમેદવારે રૂ.૩,૨૦૦/- રિફંડેબલ ડિપોઝીટ ભરીને સંસ્થા ખાતે પ્રવેશ મેળવવાનો રહેશે, તાલીમ પૂર્ણ થયેથી ભરેલ ડિપોઝીટ પરત લેવા માટે સંસ્થાની વેબસાઇટ પર રાખેલ ડીપોઝીટ પરત અંગેનું ફોર્મ ભરીને જરૂરી બિડાણો સહિત સંસ્થા ખાતે જમા કરાવવાનું રહેશે.

૮. **પ્રાથમિક કસોટી માટેના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ:-**

A. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં અને પ્રવેશ પરીક્ષા ફી ભરેલ ચલણની નકલ પરીક્ષાખંડમાં સુપરવાઇઝરને રજૂ કરવાની રહેશે. ફી ભર્યાની ચલણની નકલ રજૂ નહીં કરનાર ઉમેદવારને પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવશે નહીં.

B. પરીક્ષાના સમય પહેલાં ૩૦ મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.

C. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકાશે નહી.

D. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

E. પરીક્ષા શરૂ થયા બાદ તે પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.

F. પ્રાથમિક કસોટીના બંને પેપરની પરીક્ષા હેતુલક્ષી(Multiple Choice Questions) OMR based લેવામાં આવશે.

**G.** <u>**પ્રશ્નપત્ર-૧ જનરલ સ્ટડીઝ પેપર -૧**</u>: ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions)રહેશે.

**H.** <u>**પ્રશ્નપત્ર-૨ જનરલ સ્ટડીઝ પેપર -૨**</u>: ૧૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions)રહેશે.

**(ઉક્ત બંને પરીક્ષા આપવી ફરજિયાત છે. બંન્ને પેપરના માર્કસને આધારે મેરિટ બનશે.)**

**I.** પ્રશ્નોના જવાબો અલગ આપેલ OMR sheet પર જ લખવાના રહેશે. જવાબો બોલપેન (બ્લ્યુ/કાળી)થી ફક્ત (●) કરીને આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.

**J.** OMR sheet માં નિયત જગ્યાએ તમારો બેઠક નંબર, નામ અને કેટેગરી (Category) અવશ્ય લખવી.

**K.** OMR sheet માં જવાબ માટે બોલપેન (બ્લ્યુ/કાળી)થી કરેલ નિશાની સિવાયનું (●) કોઇપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહીં.

**L.** OMR sheet ઉપર નિરીક્ષકની સહી છે કે નહીં તેની ખાત્રી કરી લેવી. જો તમારી OMR sheet ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી OMR sheet મૂલ્યાંકન માટે ગણાશે નહીં.

**M.** ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ગુણના ૩૩% ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.

**N.** ઉમેદવારે સાચો બેઠક નંબર અને અરજીમાં દર્શાવેલ કેટેગરી OMR sheet માં અવશ્ય દર્શાવવાની રહેશે. બેઠક નંબર સિવાય અથવા ખોટા નંબરની OMR sheet ની ચકાસણી કરવામાં આવશે નહીં.

**O.** પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત OMR Sheet નિરીક્ષકને સોંપી દેવી.

**P.** પ્રથમ તબક્કાનું પરીણામ આકસ્મિક સંજોગો સિવાય પરીક્ષા પુરી થયા પછી અંદાજિત ૨૫(પચ્ચીસ) વર્કીંગ દિવસમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**Q.** જૂના પ્રશ્નોપત્રો સ્પીપાની વેબસાઇટ પર ઉપર મૂકવામાં આવ્યા છે. જેના આધારે પ્રશ્નોપત્રો વિશેની સમજ સ્પષ્ટ થશે.

૯. **સામાન્ય શરતો :**

**A.** અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહીં.

**B.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯-૦૪-૨૦૧૬ ના ઠરાવક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ થી નિયત થયાઅનુસારનું “ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર”, તેની મહત્તમ અવધિ ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું ઈસ્યુ પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ (આ જાહેરાત માટે તા.૧૫/૦૭/૨૦૧૯) સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. નોંધ: ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના વખતોવખતના ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે.

**C.** ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ

સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તેની જાણ સ્પીપાને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

**D.** આર્થિક રીતે નબળાં વર્ગના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩-૦૧-૨૦૧૯ અને તા.૨૫-૦૧-૨૦૧૯ ના ઠરાવક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અને તા.૦૮-૦૫-૨૦૧૯ ના ઠરાવક્રમાંક:સશપ/ ૧૨૨૦૧૯/૧૪૯૭૬૯/અ અન્વયે નિયત કરેલ સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર,(અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનુ પ્રમાણપત્ર)ના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે, અને સંસ્થા દ્વારા માંગણી કર્યેથી રજૂ કરવાનું રહેશે.

**E.** અરજદારના અસલ પ્રમાણપત્રો સંસ્થા ધ્વારા મંગાવવામાં આવે તે સમયે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.

**F.** પરીક્ષા ફી ભર્યા બાદ ફી રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ તેને પરત ખેંચી શકાશે નહીં.

**G.** ફી ભર્યા સિવાયની અરજી મળેલ હશે તો વિચારણામાં લેવામાં આવશે નહીં.

**H.** સંસ્થા તરફથી આપવામાં આવતી અદ્યતન સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતા રહેવું.

**I.** પ્રવેશ પરીક્ષાની જાહેરાત અન્વયેનાં મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે **ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૫૫૦૦**નો ઉપયોગ કરવો.

**Sd/-**

તારીખ:૦૧/૦૭/૨૦૧૯

સ્થળ: અમદાવાદ

સંયુક્ત નિયામક, (સ્ટડી)
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
અમદાવાદ